# પત્રક ભાગ-૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## ગુરૂવાર, તા. ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪

૯૭. **નાણા મંત્રીશ્રીનું અંદાજપત્ર પ્રવચન.**

તા.૨જી ફેબ્રુઆરી,૨૦૨૪ના રોજ સભાગૃહમાં સન ૨૦૨૪-૨૦૨૫ના વર્ષનું અંદાજપત્ર રજૂ થાય ત્યારે નાણામંત્રીશ્રીના અંદાજપત્ર પ્રવચન ભાગ-ક અને પ્રવચન ભાગ-ક પૂર્ણ થયા બાદ ભાગ-ખ(બંને ભાગ) ઈ-કોપીમાં માન. સભ્યશ્રીઓને નેવા એપ્લિકેશન દ્વારા ઈ-બુકમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. નાણામંત્રીશ્રીનું અંદાજપત્ર પ્રવચન સંપૂર્ણપણે પૂર્ણ ન થાય ત્યાં સુધી અન્ય કોઈ રીતે તેનો પ્રસાર ન કરવા માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે.

૯૮. **સન ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર પ્રકાશનોની સોફ્ટકોપીની વહેંચણી.**

નાણા વિભાગ તરફથી મળેલ સન ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટેના અંદાજપત્રના સંપૂર્ણ પ્રકાશનોની સોફ્ટકોપી અંદાજપત્ર પ્રવચન વખતે માનનીય સભ્યશ્રીઓને સભાગૃહમાં આપવામાં આવશે.

૯૯. **સન ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની અનુસૂચિની વહેંચણી.**

નાણા વિભાગ તરફથી મળેલ સન ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની અનુસૂચિ (ગુજરાતી અને અંગ્રેજી) ઈ-કોપીમાં સભાગૃહમાં અંદાજપત્રની રજૂઆત સમયે માનનીય સભ્યશ્રીને નેવા એપ્લિકેશન દ્વારા ઈ-બુકમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(પાછળ)

**૧૦૦. <u>સન ૨૦૨૩–૨૦૨૪ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રક તથા અનુસૂચિની નકલોની વહેંચણી.</u>**

તા.૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સભાગૃહમાં રજૂ થનાર સન ૨૦૨૩–૨૦૨૪ના વર્ષનું ખર્ચનું પૂરક પત્રક સભાગૃહમાં રજૂ થયા બાદ તેની ઈ–કોપી માનનીય સભ્યશ્રીઓને નેવા એપ્લિકેશન દ્વારા ઈ–બુકમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**૧૦૧. <u>સન ૨૦૨૩–૨૦૨૪ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ "નવી સેવા" ની યાદીની વહેંચણી.</u>**

નાણા વિભાગ તરફથી મળેલ તા.૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સભાગૃહમાં રજૂ થનાર સન ૨૦૨૩–૨૦૨૪ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાં સમાવિષ્ટ "નવી સેવા" ની યાદી ઈ–કોપીમાં ખર્ચનું પૂરક પત્રક સભાગૃહમાં રજૂ થયા બાદ માન. સભ્યશ્રીઓને નેવા એપ્લિકેશન દ્વારા ઈ–બુકમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
**ગાંધીનગર**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા સચિવાલય**